## રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત સેક્ટર-૨૧,ગાંધીનગર

ક્રમાંક:રાપબો/D.El.Ed./૨૦૧૬-૧૭/ ૩૨૫૩-૩૪૭૪ તા:૨૩/૧૨/૨૦૧૬

"ડી.એલ.એડ.પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ (જૂના તથા નવા અભ્યાસક્રમ) પરીક્ષા ૨૦૧૬-૧૭"

## જાહેરનામું :

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં ડી.એલ.એડ.પ્રથમ અને દ્વિતીય વર્ષમાં નિયમિત અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા યોજવાની થાય, જે અનુસાર પ્રથમ તબક્કાની બાહ્ય પ્રાયોગિક પરીક્ષા ફેબ્રુઆરી-૨૦૧૭ માં અને બીજા તબક્કાની બાહ્ય લેખિત પરીક્ષા એપ્રિલ-૨૦૧૭માં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવશે.

**ડી.એલ.એડ. પ્રથમ વર્ષ જૂના અભ્યાસક્રમના તમામ વિદ્યાર્થીઓ માટે પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની આ છેલ્લી તક છે. જેથી આવા ઉમેદવારોને આ અંગેની જાણ કરવાની જવાબદારી સંબંધિત સંસ્થાની રહેશે.**

**D.El.Ed.નો નવો અભ્યાસક્રમ વર્ષ 2015થી અમલમાં આવેલ છે. NCTE નોર્મ્સ મુજબ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારે પ્રવેશ મેળવ્યા તારીખથી ત્રણ વર્ષમાં આ અભ્યાસક્રમ/પરીક્ષા પૂર્ણ કરવાની રહે છે. જે અનુસાર વર્ષ ૨૦૧૫માં D.El.Ed. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા તારીખથી ત્રણ વર્ષ સુધીમાં ડી.એલ.એડ. દ્વિતીય વર્ષની પરીક્ષા પાસ કરી લેવાની રહે છે. જેથી સંબંધિત સંસ્થાઓએ આ અંગેની જાણ સંસ્થાના તમામ તાલીમાર્થીઓને કરવાની રહે છે.**

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર **તા:૦૪/૦૧/૨૦૧૭ (બપોરના ૧૨.૦૦ કલાક) થી તા:૧૩/૦૧/૨૦૧૭ (બપોરના ૧૫.૦૦ કલાક સુધી)** ઓનલાઇન ભરવાના રહેશે. સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૩/૧૨/૨૦૧૬ |
| ૨ | જાહેરનામું email દ્વારા DIET ને પહોંચડવાનીતારીખ | ૨૩/૧૨/૨૦૧૬ |
| 3 | DIET દ્વારા જાહેરનામું સંબધિત સંસ્થાઓ ને email થી પહોંચડવાની તારીખ | ૨૩/૧૨/૨૦૧૬ |
| ૪ | વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૦૪/૦૧/૨૦૧૭ થી ૧૩/૦૧/૨૦૧૭ |
| ૫ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૦૪/૦૧/૧૭ થી ૧૬/૦૧/૨૦૧૭ બપોરના ૧૪:૦૦ કલાક સુધી |
| ૬ | સંસ્થા દ્વારા ભરાયેલા આવેદનપત્રોની પૂરેપૂરી ચકાસણી કરી સંસ્થાના આચાર્ય દ્વારા જ ઓનલાઇન સુધારો કરવાનો સમયગાળો | ૧૮/૦૧/૧૭ થી ૨૦/૦૧/૧૭ |
| ૭ | સંસ્થા દ્વારા ભરાયેલા આવેદનપત્રો સંબધિત DIETમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૩/૦૧/૨૦૧૭ |
| ૮ | સંસ્થાઓમાંથી આવેલા આવેદનપત્રોની હાર્ડકોપી અને સોફ્ટકોપી DIET દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની તારીખ | ૨૭/૦૧/૧૭ અને ૨૮/૦૧/૨૦૧૭ |
| ૯ | DIET દ્વારા રાજય પરીક્ષા બોર્ડ પાસેથી સીટનંબર અને મૂલ્યાંકન પત્રકો લેવાની તારીખ | ૦૮/૦૨/૨૦૧૭ |
| ૧૦ | સંસ્થાઓ દ્વારા DIET પાસેથી સીટનંબર અને મૂલ્યાંકન પત્રકો મેળવી લેવાની તારીખ | ૧૦/૦૨/૨૦૧૭ |
| ૧૧ | કોલેજ કક્ષાએ લેવાતી તમામ બાહ્ય પ્રાયોગિક પરીક્ષાનો સમયગાળો | ૧૩/૦૨/૧૭ થી ૨૦/૦૨/૧૭ |
| ૧૨ | બાહ્ય પરીક્ષકો દ્વારા પ્રાયોગિક પરીક્ષા ડી.એલ.એડ પ્રથમ/દ્વિતીય વર્ષની ટી.એલ.એમ, સ્વાસ્થ્ય અને શા, શિ.,કલાશિક્ષણ ચિત્ર, સંગીત વાર્ષિકપાઠ, કમ્પ્યુટર પરીક્ષાના ગુણપત્રકો સીલબંધ કવર્સ DIETમાં જમા કરાવવાની અંતિમ તારીખ | સંસ્થાની પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ થયાથી પછીના દિવસે અને છેલ્લે તા.૨૨/૦૨/૨૦૧૬ સુધીમાં |
| ૧૩ | સંસ્થા દ્વારા લેવાતી તમામ આંતરિક પરીક્ષાના ગુણપત્રકો સીલબંધ કવર્સમાં સંસ્થાએ સંબંધિત DIETમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૮/૦૩/૨૦૧૭ |
| ૧૪ | બાહ્ય પરીક્ષા/ આંતરિક પરીક્ષાના સીલબંધ કવર્સમાં આવેલા ગુણપત્રકોની સંબંધિત DIET દ્વારા ઓનલાઇન એન્ટ્રી કરવાનો સમયગાળો | ૨૦/૦૩/૧૭ થી ૨૨/૦૩/૧૭ |
| ૧૫ | સંસ્થાઓએ પરીક્ષાર્થીઓની હોલ ટીકીટ ઓનલાઇન ડાઉનલોડ કરવાની તારીખ | ૦૧/૦૪/૨૦૧૭ થી શરૂ |
| ૧૬ | લેખિત પરીક્ષાનો સમયગાળો | ૧૦/૦૪/૨૦૧૭ થી ૨૦/૦૪/૨૦૧૭ |

## ❖ ઉમેદવારની લાયકાત :

(૧) જે વિદ્યાર્થીએ એપ્રિલ-૧૬ કે અગાઉના શૈક્ષણિક વર્ષમાં માન્ય શાળામાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી હોય

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કેન્દ્રિયકૃત પ્રવેશ પ્રક્રિયાથી NCTE માન્યતા પ્રાપ્ત ડી.એલ.એડ. સંસ્થામાં પ્રવેશ મેળવેલો હોય

(૩) જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય તે સંસ્થા દ્વારા વિદ્યાર્થિની રજીસ્ટ્રેશન ફી સંબંધિત સંસ્થા દ્વારા રાજય પરીક્ષા બોર્ડ ખાતે જમા કરાવેલ હોય,

(૪) NCTEનાં નોર્મ્સ અને GCERT ના પત્ર અન્વયે ઓછામાં ઓછા ૨૦૦ શૈક્ષણિક કાર્ય દિવસની હાજર રહી અભ્યાસક્રમ પૂર્ણ કરેલો હોવો જોઇએ. જો કોઇ તાલીમાર્થીની હાજરી ૨૦૦ કાર્યદિવસ કરતા ઓછા હોવા છતાં સંસ્થા ફોર્મ ભરશે તો તેવી સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) પ્રાથમિક અધ્યાપન મંદિર નાની દમણના પ્રવેશ આપેલ તાલીમાર્થીઓની યાદી ઉપર કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગના પ્રતિ હસ્તાક્ષર કરાવવા ફરજીયાત છે.અને આવેદનપત્રો સાથે આ યાદી ફરજીયાત રજૂ કરવાની રહેશે.

(૬) સ્વનિર્ભર ડી.એલ.એડ. સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની નિમાયકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા મંજૂર થયેલ યાદી ફરજીયાત મોકલવાની રહેશે.

## ❖ પરીક્ષાનું માધ્યમ :

- પરીક્ષાનું માધ્યમ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સિંધી, ઉર્દૂ તેમજ મરાઠી રહેશે.

## ❖ પરીક્ષાનાં પ્રશ્નપત્રો :

- તમામ પ્રશ્નપત્રો વર્ણનાત્મક સ્વરૂપના રહેશે.
- તમામ પ્રશ્નપત્રના ઉત્તરો ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.
- બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નપત્ર (OMR) દ્વારા પરીક્ષા લેવામાં આવશે નહિ.

## ❖ પરીક્ષા ફી :

- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નકકી થયેલ પરીક્ષા ફી નીચેના કોઠા મુજબ રહેશે.

| ક્રમ | વિગત | ફી રૂપિયા |
|---|---|---|
| ૧ | ઓન લાઇન આવેદનપત્ર ફી | ૨૫/- |
| ૨ | નિયમિત તાલીમાર્થીઓની પરીક્ષા ફી | ૨૫૦/- |
| ૩ | ગુણપત્રક ફી | ૫૦/- |
| ૪ | પ્રમાણપત્ર ફી (માત્ર ડી.એલ.એડ બીજા વર્ષ માટે ) | ૫૦/- |
| ૫ | માઇગ્રેશન સર્ટીફીકેટ ફી (માત્ર ડી.એલ.એડ બીજા વર્ષ માટે ) | ૫૦/- |
| ૬ | પુનરાવર્તિત (રીપીટર) ઉમેદવાર માટે એક વિષયના | ૫૦/- |
| ૭ | રીચેકીંગ ફી એક વિષયના | ૧૦૦/- |
| ૮ | ગુણપત્રક, પ્રમાણપત્ર, માઇગ્રેશન સર્ટી, પૈકી કોઇપણ પ્રમાણપત્રમાં એક સુધારાદીઠ | ૧૦૦/- |
| ૯ | પોસ્ટ ઓફીસ ખાતેનો સર્વિસ ચાર્જ | ૧૨/- |
| ૧૦ | ઉપર મુજબ-ડી.એલ.એડ.પ્રથમ વર્ષ નિયમિત વિદ્યાર્થીઓ માટે ૩૨૫+૧૨/ | ૩૩૭/- |
| ૧૧ | ઉપર મુજબ-ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ નિયમિત વિદ્યાર્થીઓ માટે ૪૨૫+૧૨ | ૪૩૭/- |

- **ફી ભરવાની રીત:**

પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે અરજી Confirm થયા બાદ ચલણ સ્લીપ પ્રિન્ટ કરી, આ ચલણ મારફત નજીકની કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની કોઇપણ શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે. ચલણની ત્રણેય નકલ પર ભારતીય પોસ્ટ ઓફિસ સિક્કો અને તારીખ લગાવી આપશે. જેમાંથી બે નકલ સંસ્થાને પોસ્ટ ઓફિસ દ્વારા પરત આપવામાં આવશે. આ બે નકલમાંથી એક નકલ સંસ્થાએ સંસ્થા ખાતે અને બીજી નકલ SEB કચેરીને ફાઇલ નંબર-૩ (ત્રણ) માં બીડવાની રહેશે.

## ❖ સંસ્થાએ રજૂ કરવાના જરૂરી આધારો / પ્રમાણપત્રો વિગતો:-

### (A) ફાઇલ નંબરઃ ૧ માં સામેલ રાખવાનાં આધારોઃ

1. નીચેના ફોર્મેટમાં સંસ્થાનો ફોર્વર્ડીંગ લેટર.

| ક્રમ | પરીક્ષા | માધ્યમ | ભાઇઓ | | | | | બહેનો | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | SC | ST | OBC | GEN | કુલ | SC | ST | OBC | GEN | કુલ | |
| ૧ | D.El.Ed.-1 ન્યુ કોર્ષ નિયમિત | | | | | | | | | | | | |
| ૨ | D.El.Ed.-1 ન્યુ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) | | | | | | | | | | | | |
| ૩ | D.El.Ed.-1 ઓલ્ડ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) | | | | | | | | | | | | |
| ૪ | D.El.Ed.-2 ન્યુ કોર્ષ નિયમિત | | | | | | | | | | | | |
| ૫ | D.El.Ed.-2 ઓલ્ડ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) | | | | | | | | | | | | |
| **કૂલ સંખ્યા** | | | | | | | | | | | | | |

2. **સંસ્થાએ બોર્ડમાં RTGS/D.D. ટ્રાન્ઝિકશનથી જમા કરાવેલ ફી વિગતો નીચેના ફોર્મેટમાં દર્શાવાવી:-**

| ફી | બેંક નું નામ | શાખા | તારીખ | ટ્રાન્ઝિકશન નંબર | ફીની રકમ | કોલેજ કોડ |
|---|---|---|---|---|---|---|
| રજીસ્ટ્રેશન ફી | | | | | | |
| સંલગ્નતા ફી | | | | | | |

3. **નીચે દર્શાવેલ વિગત અનુસાર વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી (હાર્ડકોપી તથા સોફ્ટકોપી) આ યાદી અટક + વિદ્યાર્થીનું નામ + વિદ્યાર્થીના પિતાનું નામ આલ્ફાબેટીકલ ઓર્ડરમાં તૈયાર કરવી.**
   - D.El.Ed.-1 ન્યુ કોર્ષ નિયમિત વિદ્યાર્થીઓની યાદી
   - D.El.Ed.-1 ન્યુ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) વિદ્યાર્થીઓની યાદી
   - D.El.Ed.-1 ઓલ્ડ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) વિદ્યાર્થીઓની યાદી
   - D.El.Ed.-2 ન્યુ કોર્ષ નિયમિત વિદ્યાર્થીઓની યાદી
   - D.El.Ed.-2 ઓલ્ડ કોર્ષ પુનરાવર્તીત (રીપીટર) વિદ્યાર્થીઓની યાદી

   ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓની સોફ્ટ કોપી (C.D.) તથા હાર્ડકોપી મુકવી.

### (B) ફાઇલ નંબરઃ ૨ માં સામેલ રાખવાનાં આધારોઃ

ફાઇલ નં.૧ માં દર્શાવેલ અલગ-અલગ યાદી મુજબના વિદ્યાર્થીઓના **અસલ આવેદનપત્રો** (આચાર્યશ્રીના સહી-સિક્કા કરેલ ઓનલાઇન ભરેલા **અસલ આવેદનપત્રો) ને** ઉપરોક્ત ક્રમ અનુસાર નીચે દર્શાવેલ ફોરમેટ અનુસાર સેપરેટર (અલગ કાગળ લેબલીંગ સાથે) દર્શાવી ફાઇલ કરવા.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | કોલેજ કોડ | |
| ૨ | કોલેજનું નામ | |
| ૩ | કોલેજનું સરનામું | |
| ૪ | કોલેજ જિલ્લો | |
| ૫ | સંબધિત ડાયટ | |
| ૬ | કોલેજ આચાર્યશ્રી નામ | |
| | સંસ્થા ટેલી / મોબા.નં. | સંસ્થા ટેલી. મોબા.નં. |
| ૭ | આવેદનપત્રોની સંખ્યા | |
| ૮ | ડી.એલ.એડ. વર્ષ | |
| ૯ | નિયમિત કે પુનરાવર્તિત | |
| ૧૦ | માધ્યમ | |

**(C) ફાઇલ નંબરઃ ૩ માં સામેલ રાખવાનાં આધારોઃ**

(1) સંસ્થાના આચાર્યશ્રીના સહી-સિક્કા કરેલ ઓનલાઇન ભરેલા આવેદનપત્રની ઝેરોક્ષ નકલ

(2) ધોરણ-૧૨ ની માર્કશીટની નકલ

(3) ડી.એલ.એડ-પ્રથમ વર્ષના (તમામ પ્રયત્નોની) માર્કશીટની નકલ (દ્વિતીય વર્ષના તમામ ઉમેદવારો માટે)

(4) ડી.એલ.એડ-દ્વિતીય વર્ષના (તમામ પ્રયત્નોની) માર્કશીટની નકલ (દ્વિતીય વર્ષ-પુનરાવર્તીત ઉમેદવારો માટે)

(5) ફી ભર્યાના SEB ચલણની નકલ

(6) પ્રા.શિ.નિ.ની કચેરી દ્વારા ડી.એલ.એડ-પ્રથમ વર્ષમાં આપવામાં આવેલ પવેશપત્રની નકલ

(7) સ્વનિર્ભર ડી.એલ.એડ. સંસ્થામાં મેનેજમેન્ટ ક્વોટાના પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની નિમાયકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા મંજૂર થયેલ યાદી

(વિદ્યાર્થીઓની યાદી અનુસાર ઉપરોક્ત ૧ થી ૭ ક્રમમાં ગોઠવી સ્ટેપ્લર પીનથી સ્ટીચ કરી ફાઇલ કરવા)

## ❖ સંસ્થાના આચાર્યશ્રીએ કરવાની કાર્યવાહી:

- આ જાહેરનામાની જાણ સંસ્થાના નિયમિત તથા રીપીટર વિદ્યાર્થીઓને કરવી.
- સંસ્થાના નિયમિત/પુનરાવર્તિત વિદ્યાર્થીઓને પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે
- વિદ્યાર્થીઓએ ઓનલાઇન ભરેલા આવેદનપત્રની સાથે ચલણની પ્રિન્ટ કાઢી તેમાં દર્શાવેલ ફીની રકમ કમ્પ્યુટરાઇઝ્ડ પોસ્ટ ઓફીસ ખાતે તારીખ **૦૪/૦૧/૨૦૧૭ (બપોરના ૧૨.૦૦) થી ૧૬/૦૧/૨૦૧૭ (બપોરના ૧૪.૦૦ કલાક સુધી)** સમયગાળા દરમ્યાન ભરવાની રહેશે. આ નકલ આવેદનપત્ર સાથે બીડવાની રહેશે.
- વિદ્યાર્થીઓ/ કોલેજો એ ઓનલાઇન ભરેલા આવેદનપત્રોમાં કોઇપણ પ્રકારની ભૂલ હોય તો પૂરેપૂરી ચકાસણી કરી સંસ્થાના આચાર્ય દ્વારા જ તા.**૧૮/૦૧/૧૭ થી ૨૦/૦૧/૧૭** ના સમયગાળા દરમ્યાન ઓનલાઇન સુધારો કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના આચાર્યની રહેશે.
- ઓનલાઇન સુધારો કરવા માટે સંસ્થાને અત્રેથી યુઝર આઇ.ડી. અને પાસવર્ડ આપવામાં આવશે. જે આધારે ઓનલાઇન ભરેલા આવેદનપત્ર ભરતી વખતે વિદ્યાર્થીને ફાળવેલ CONFIRMATION નંબર તથા વિદ્યાર્થીની જન્મ તારીખ નાખીને સુધારો કરવો.
- આચાર્યશ્રીએ પોતાના જ પુનરાવર્તિત વિદ્યાર્થીના મુક્તિના વિષયોની પૂરેપૂરી ચકાસણી કરી આવેદનપત્ર ભરાવવા તથા આવા ઉમેદવારોના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલો મોકલવાની રહેશે.
- સંસ્થાએ સંસ્થા અને વિદ્યાર્થીના રજૂ કરવાના જરૂરી આધારો/પ્રમાણપત્રોની તમામ વિગતોની ચકાસણી કરીને યોગ્ય રીતે ફાઇલીંગ કરી **તા-૨૩/૦૧/૨૦૧૭** સુધીમાં સંબધિત ડાયેટમાં જમા કરાવવાના રહેશે.
- ડી.એલ.એડ પ્રથમ/દ્વિતીય વર્ષ ની ટી.એલ.એમ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કલા શિક્ષણ ચિત્રકામ, કલા શિક્ષણ સંગીત વાર્ષિક પાઠ, કમ્પ્યુટર પરીક્ષા, બાહ્ય પરીક્ષા માટે પરીક્ષાર્થીઓને સમયસર હાજર રાખવા.
- DIET દ્વારા ફાળવવામાં આવેલ સીટ નંબર મેળવી લેવા, તથા સંસ્થાના આચાર્યશ્રી દ્વારા મૂલ્યાંકન પત્રકો પર સીટ નંબર સાથે જરૂરી વિગતો ભરીને સંસ્થાના પરીક્ષાર્થીઓના મૂલ્યાંકન પત્રકો પર આચાર્યશ્રી દ્વારા ગુણાંકન પહેલા સંસ્થાનો સિક્કો લગાવીને સહી કરી મોબાઇલ નંબર લખવાનો રહેશે.
- **સંસ્થાના આચાર્યશ્રી દ્વારા (ડી.એલ.એડ પ્રથમ/દ્વિતીય વર્ષની ટી.એલ.એમ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કલા શિક્ષણ ચિત્રકામ, કલા શિક્ષણ સંગીત વાર્ષિક પાઠ, કમ્પ્યુટર) પરીક્ષા પૈકી જે તે પરીક્ષાના ગેરહાજર રહેલ પરીક્ષાર્થીની લાલ શાહી નોંધ આંતરિક પરીક્ષકશ્રી અને બાહ્યપરીક્ષકશ્રી ના તેમજ એંકન્દરી અને મુખ્ય મૂલ્યાંકનપત્રક પર લખેલા સી ટ નંબર સામે "ABSENT" અને નીચે દર્શાવેલા ખાના માં ગેરહાજર પરીક્ષાર્થીઓના સીટ નંબરની નોધ લાલ શાહીથી સંસ્થાના આચાર્યશ્રી દ્વારા ગુણાંકન પહેલા કરવાની રહેશે.**
- **સંસ્થાના આચાર્યશ્રી દ્વારા ગેરહાજર રહેલા પરીક્ષાર્થીઓના બેઠક નંબર, તથા કોઇપણ પરીક્ષાર્થી ગેરહાજર રહેલ ન હોય તો NIL ABSENT ની નોંધ નિયત નમૂનાના બે પત્રકમાં કરી એક કોપી સંબધિત DIET માં રૂબરૂમાં મોડામાં મોડા તા.૨૨/૦૩/૨૦૧૭ના રોજ તથા બીજી કોપી R.P.AD. થી અત્રેની કચેરી ને તા. ૨૫/૦૩/૨૦૧૭ સુધીમાં મોકલાવવાની રહેશે.**

## ❖ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા કરવાની કાર્યવાહી:

- જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પોતાના તાબામાં આવતી તમામ ડી.એલ.એડ.સંસ્થાઓને જાહેરનામું email દ્વારા મોકલાવવું .
- ડી.એલ.એડ. સંસ્થાઓમાંથી આવેલ આવેદનપત્રો, જરૂરીઆધારો તથા **Times New Roman font માં Excelsheet માંતૈયાર કરેલ (સી.ડી.) પર કોલેજ નું નામ/ કોલેજ કોડ /આચાર્યશ્રીનું નામ દર્શાવ્યા** ની ચકાસણી કરી રા.પ.બોર્ડ માં જમા કરાવવા.
- જે કોલેજો બંધ થઈ ગયેલ હોય તે કોલેજોના નાપાસ તાલીમાર્થીઓના આવેદનપત્રો સંબધિત ડાયટ (જીલ્લા શિક્ષણ તાલીમ ભવન) દ્વારા ભરવાના રહેશે.તથા તે ઉમેદવારો પાસેથી કોલેજ બંધ થઈ ગયેલ છે. તેવું એફિડેવિટ લેવું. જેની અસલ કોપી ડાયટ પાસે રાખવી, અને નકલ આવેદનપત્ર સાથે બીડવી.
- રાજય પરીક્ષા બોર્ડ પાસેથી ડી.એલ.એડ.ના પરીક્ષાર્થીઓને ફાળવવામાં આવેલ સીટ નંબર અને મૂલ્યાંકન પત્રકો મેળવીને સંસ્થઓને મોકલાવવા તેમજ પોતાના તાબામાં આવતી તમામ સંસ્થાઓની (ડી.એલ.એડ પ્રથમ/દ્વિતીય વર્ષની ટી.એલ.એમ., સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કલાશિક્ષણ ચિત્રકામ, કલાશિક્ષણ સંગીત, વાર્ષિક પાઠ, કમ્પ્યુટર વિષયની) બાહ્ય પ્રાયોગિક પરીક્ષાનું આયોજન, પરીક્ષા કાર્યક્રમ, પરીક્ષકોની નિમણૂક વગેરેનું સંચાલન કરવું.
- (ડી.એલ.એડ પ્રથમ/દ્વિતીય વર્ષ ની ટી.એલ.એમ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કલા શિક્ષણ ચિત્રકામ, કલાશિક્ષણ સંગીત વાર્ષિક પાઠ, કમ્પ્યુટર પરીક્ષા) માં બાહ્યપરીક્ષક તરીકે ડાયેટ/સરકારી/ગ્રાન્ટેડ ડી.એલ.એડ કોલેજના યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપકોની બાહ્ય પરીક્ષક તરીકે નિમણૂંક કરવી. જ્યારે આંતરિક પરીક્ષક તરીકે જે તે કોલેજના સિનિયર તેમજ સંબધિત વિષયના અધ્યાપકની નિમણૂંક કરવી.
- સદર પરીક્ષાના નિયત મૂલ્યાકન પત્રકોનું એકત્રીકરણ કરી બોર્ડની સૂચના મુજબ ગુણની ઓન લાઇન એન્ટ્રી કરવાની થશે
- બાહ્ય પરીક્ષાના ગુણની ઓન લાઇન એન્ટ્રી કરવા રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગીન પર યુઝર નેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરવાની થશે.
- જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા સંસ્થાઓમાંથી આવેલા તમામ આવેદનપત્રોની સોફ્ટકોપી (સી.ડી.) તથા . હાર્ડકોપી તા:૨૭/૦૧/૧૭ થી ૨૮/૦૧/૨૦૧૭ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.
- પરીક્ષકોના મહેનતાણાની ફાઇલ રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે મોકલી આપવાની રહેશે.

❖ **પાસીંગ ગુણ** : તમામ વિદ્યાર્થીઓ માટે દરેક વિષયમાં પાસીંગ ગુણ ૫૦% તથા ૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ પરંતું વધુમાં વધુ ૧૫ ગુણ અને વધુમાં વધુ બે વિષયમાં જ આ કૃપાગુણનો લાભ મળી શકશે.

❖ **ગેરરીતિ કેસ** : ગેરરીતિ કેસવાળા તાલીમાર્થીઓએ તેમની સજા પૂર્ણ હોય તો સજાના હુકમની નકલ આવેદનપત્ર સાથે જોડવી.

❖ **અંધ-અપંગ પરીક્ષાર્થીઓ બાબત** : અંધ–અપંગ પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ભોંયતળીયે કરવાની રહેશે તથા આવા પરીક્ષાર્થીઓને ૨૦ મિનિટ વધુ સમય આપવાનો રહેશે.

❖ **લહિયા (Writer) :**

- લહિયાની મંજૂરી વિદ્યાર્થી અને આચાર્યશ્રીએ સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે. આ માટે સિવીલ સર્જનનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે. ધો.૧૧ થી વધુ લાયકાત ધરાવતા વિદ્યાર્થીને લહિયા તરીકે રાખી શકાશે નહીં.
- અક્સ્માતના સંજોગોમાં તાત્કાલિક લહીયાની આવશ્યકતા ઉભી થાય તો પણ સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ લહિયાની મંજૂરી આપવી.
- લહિયાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ આપી તેની નકલ રાજય પરીક્ષા બોર્ડને મોકલાવવાની રહેશે.
- લહિયા સાથે પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને ૨૦ મિનિટ વધુ સમય આપવાનો રહેશે.

## ❖ ઓનલાઇન અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૦૪/૧/૨૦૧૭ (બપોરના ૧૨.૦૦) થી તા.૧૩/૧/૨૦૧૭ (રાત્રે ૨૪.૦૦ કલાક ) દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online' ઉપરClick કરવું.
- "D.El.Ed-I, D.El.Ed–II તથા DPSE(PRE PTC) પરીક્ષા-૧૭" સામે Apply Online પર Click કરવું.
- ત્યારબાદ જે પરીક્ષાનું આવેદનપત્ર ભરવાનું હોય (D.El.Ed-I, D.El.Ed–II તથા DPSE(PRE PTC)) તેના પર Apply Now પર Click કરવું
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે. Application Form માં સૌ પ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- Application Form માં * નિશાની વાળી માહિતી ફરજીયાત ભરવાની રહેશે.
- અરજી ફોર્મ ઉમેદવારે ચોકસાઇ પૂર્વક ભરવાનું રહેશે. ઉમેદવારના નામ, જન્મ તારીખ, જાતિ, પરીક્ષાના વિષયો કે અન્ય કોઇપણ બાબતે પાછળથી રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી કોઇપણ સુધારો કરી આપવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.
- REPEATER (પુનરાવર્તિત) વિદ્યાર્થીના મુક્તિના વિષયોની પૂરેપૂરી ચકાસણી કરી જે વિષયની પરીક્ષા આપવાની હોય તે વિષય આગળ દર્શાવેલ બોક્સ પર Click કરવાનું રહેશે.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo-Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Application પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો.
- એક્વાર અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- અરજી Confirm થઇ ગયા બાદ ઉમેદવારનો Confirmation Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- આથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની સ્લીપની પ્રિન્ટ કાઢી લેવી. ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં તા.૦૪/૦૧/૨૦૧૭ થી ૧૬/૦૧/૨૦૧૭ બપોરના ૧૫:૦૦ કલાક સુધીમાં ફી રોકડથી જમા કરાવવાની રહેશે.
- હવે અરજીપત્રક્ની પ્રિન્ટ પર પરીક્ષાર્થીએ ભરેલી તમામ વિગતો ખરેખર સાચી છે. તેની ખાતરી કરી પરીક્ષાર્થીની સહી લેવી તથા પ્રમાણિત કર્યા બદલ સંસ્થાના પ્રાચાર્યશ્રી/આચાર્યશ્રીએ સહી સિક્કા કરવાના રહેશે.

| • ડી.એલ.એડ.પ્રથમ વર્ષ (નવો અભ્યાસક્રમ) પરીક્ષાઃ એપ્રિલ -૧૭ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તારીખ | વાર | સમય | પ્રશ્ન પત્ર નંબર | કોર્ષ નંબર /વિભાગ | વિષય કોડ | ગુણ |
| ૧ | ૧૦-૦૪-૧૭ | સોમ | ૧૧:૦૦થી૧૪:૦૦ | ૧ | ૧(અ) | બાળકોનો સર્વાંગી વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ | ૭૦ |
| | | | | | ૧(બ) | અધ્યેતા અને મૂલ્યાંકન | |
| ૨ | ૧૧-૦૪-૧૭ | મંગળ | ૧૧:૦૦થી૧૪:૦૦ | ૨ | ૨(અ) | કેળવણી,સમાજ અભ્યાસક્રમ અને અધ્યેતા | ૭૦ |
| | | | | | ૨(બ) | ભારતીય શિક્ષણદર્શન અને પ્રવર્તમાન ભારતીય સમાજ | |
| ૩ | ૧૨-૦૪-૧૭ | બુધ | ૧૧:૦૦થી૧૪:૦૦ | ૩ | ૩ | અભ્યાસક્રમ અને વર્ગવ્યવહાર | ૭૦ |
| ૪ | ૧૩-૦૪-૧૭ | ગુરુ | ૧૧:૦૦થી૧૪:૦૦ | ૪ | ૪(અ) | ગુજરાતીમાં પ્રાવિણ્ય (સજ્જતા) | ૭૦ |
| | | | | | ૪(બ) | અંગ્રેજીમાં પ્રાવિણ્ય (સજ્જતા) | |
| ૫ | ૧૫-૦૪-૧૭ | શની | ૧૧:૦૦થી૧૪:૦૦ | ૫ | ૫(અ) | # ગુજરાતી (ધો.૧થી૫) | ૭૦ |
| | | | | | ૫(બ) | પર્યાવરણ અભ્યાસ (ધો.૧થી૫) | |
| ૬ | ૧૭-૦૪-૧૭ | સોમ | ૧૧:૦૦થી૧૪:૦૦ | ૬ | ૬ | ગણિત (ધો.૧થી૫) | ૭૦ |
| ૭ | ૧૮-૦૪-૧૭ | મંગળ | ૧૧:૦૦થી૧૩:૦૦ | ૭ | ૭ | માહિતી અને પ્રત્યાયન તકનિકી દ્વારા અધ્યયનનું સમૃદ્ધિકરણ-૨ | ૫૦ |
| ૮ | ૧૯-૦૪-૧૭ | બુધ | ૧૧:૦૦થી૧૩:૦૦ | ૮ | ૮ | બાળકનું શારીરિક અને સાંવેગિક સ્વાસ્થ્ય અને શિક્ષણ-૨ | ૫૦ |
| ૯ | ૨૦-૦૪-૧૭ | ગુરુ | ૧૧:૦૦થી૧૩:૦૦ | ૯ | ૯ | સર્જનાત્મક નાટકો,લલિતકલાઓ,ક્રાફ્ટ અને મૂલ્યાંકન -૨ | ૫૦ |

## પરીક્ષાના માધ્યમ મુજબ વિષય કોર્ષનું નામ

| ક્રમ | કોર્ષ નંબર | પરીક્ષા માધ્યમ | વિષય કોર્ષનું નામ |
|---|---|---|---|
| ૧ | ૫(અ) | ગજરાતી | ગુજરાતી(ધો.૧થી૫) |
| ૨ | ૫(અ) | ઉર્દુ | ઉર્દુ (ધો.૧થી૫) |
| ૩ | ૫(અ) | મરાઠી | મરાઠી (ધો.૧થી૫) |
| ૪ | ૫(અ) | હિન્દી | હિન્દી (ધો.૧થી૫) |
| ૫ | ૫(અ) | અંગ્રેજી | ગુજરાતી(ધો.૧થી૫) |
| ૬ | ૫(અ) | સિંધી | સિંધી (ધો.૧થી૫) |
| કોર્ષ નંબર ૪(અ) ગુજરાતીમાં પ્રાવિણ્ય (સજ્જતા) અને ૪(બ) અંગ્રેજીમાં પ્રાવિણ્ય (સજ્જતા)ની પરીક્ષા બધાજ માધ્યમના પરીક્ષાર્થીઓ માટે તા.૧૩/૦૪/૨૦૧૭ ના રોજ ફરજીયાત આપવાની રહેશે. | | | |

| ડી.એલ.એડ.**પ્રથમવર્ષ** (જૂનો અભ્યાસક્રમ) પરીક્ષાઃ એપ્રિલ-૧૭ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય કોડ | પ્રશ્નપત્ર નંબર | વિષય કોડ | ગુણ |
| ૧ | ૧૦-૦૪-૧૭ | સોમવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૧ | ૧ | અધ્યાપન મનોવિજ્ઞાન | ૧૦૦ |
| ૨ | ૧૧-૦૪-૧૭ | મંગળવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૨ | ૨ | શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન | ૧૦૦ |
| ૩ | ૧૨-૦૪-૧૭ | બુધવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૩ | ૩ | ગુજરાતી (H.L.) # | ૧૦૦ |
| ૪ | ૧૩-૦૪-૧૭ | ગુરુવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૪ | ૪ | ગણિત શિક્ષણ | ૧૦૦ |
| ૫ | ૧૫-૦૪-૧૭ | શનીવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૫ | ૫ | પર્યાવરણ | ૧૦૦ |
| ૬ | ૧૭-૦૪-૧૭ | સોમવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૮ | ૮ | TLM Computer | ૧૦૦ |
| ૭ | ૧૮-૦૪-૧૭ | મંગળવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૬ | ૬ | હિંદી (હિંદી માધ્યમ સિવાય) | ૫૦ |
| | | | | ૯ | ૬ | ગુજરાતી (L.L.)(હિંદી માધ્યમ માટે ) | ૫૦ |
| ૮ | ૧૯-૦૪-૧૭ | બુધવાર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૭ | ૭ | અંગ્રેજી(અંગ્રેજી માધ્યમ સિવાય) | ૫૦ |
| | | | | ૧૦ | ૭ | ગુજરાતી (L.L.)(અંગ્રેજી માધ્યમ માટે ) | ૫૦ |

**ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ (નવો અભ્યાસક્રમ) પરીક્ષાઃ એપ્રિલ-૧૭**

| ક્રમ | તારીખ | વાર | સમય | કોડ | પેપર નં | કોર્ષનું નામ | ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦-૦૪-૧૭ | સોમ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૧ | ૧(અ) | બોધ (જ્ઞાન)અધ્યયન અને સામાજીક સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય | ૭૦ |
| | | | | | ૧(બ) | સ્વની સમજ તરફ અને શૈક્ષણિક દ્રષ્ટિબિંદુંનો વિકાસ | |
| ૨ | ૧૧-૦૪-૧૭ | મંગળ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૨ | ૨(અ) | શાળા સંસ્કૃતિ,નેતુત્વ અને પરિવર્તન | ૭૦ |
| | | | | | ૨(બ) | વૈવિધ્ય,જાતિ અને સમાવેશી શિક્ષણ | |
| ૩ | ૧૨-૦૪-૧૭ | બુધ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૩ | ૩(અ) | ગુજરાતી (ધો.૬થી૮) | ૭૦ |
| | | | | | ૩(બ) | અંગ્રેજી (ધો.૬થી૮) | |
| ૪ | ૧૩-૦૪-૧૭ | ગુરુ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૪ | ૪(અ) | ગણિત (ધો.૬થી૮) | ૭૦ |
| | | | | | ૪(બ) | વિજ્ઞાન અને ટેક્નોલોજી (ધો.૬થી૮) | |
| ૫ | ૧૫-૦૪-૧૭ | શની | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૫ | ૫(અ) | સામાજિક વિજ્ઞાન (ધો.૬થી૮) | ૭૦ |
| | | | | | ૫(બ) | હિન્દી-સંસ્કૃત (ધો.૬થી૮) # | |
| ૬ | ૧૭-૦૪-૧૭ | સોમ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૬ | ૬ | માહિતી અને પ્રત્યાયન તકનિકી દ્વારા અધ્યયન નું સમૃદ્ધિકરણ-૨ | ૫૦ |
| ૭ | ૧૮-૦૪-૧૭ | મંગળ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૭ | ૭ | બાળકનું શારીરિક અને સાંવેગિક સ્વાસ્થ્ય અને શિક્ષણ-૨ | ૫૦ |
| ૮ | ૧૯-૦૪-૧૭ | બુધ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૮ | ૮ | સર્જનાત્મકનાટકો,લલિતકલાઓ,ક્રાફ્ટ અને મૂલ્યાંકન -૨ | ૫૦ |

**માધ્યમ મુજબ પરીક્ષાના વિષય કોર્ષનું નામ :-**

| પેપર નં | માધ્યમ | વિષય કોર્ષનું નામ |
|---|---|---|
| ૩(અ) | ગજરાતી | ગુજરાતી(ધો.૬થી૮) |
| ૩(અ) | ઉર્દૂ | ઉર્દૂ (ધો.૬થી૮) |
| ૩(અ) | મરાઠી | મરાઠી (ધો.૬થી૮) |

| પેપર નં | માધ્યમ | વિષય કોર્ષનું નામ |
|---|---|---|
| ૩(અ) | હિન્દી | હિન્દી (ધો.૬થી૮) |
| ૩(અ) | અંગ્રેજી | ગુજરાતી(ધો.૬થી૮) |

# હિન્દી માધ્યમ માટે પરીક્ષાર્થીઓએ કોર્ષ નંબર-૫(બ) **હિન્દી-સંસ્કૃત (ધો.૬થી૮)** ને બદલે કોર્ષ નંબર-૫(બ) ગુજરાતી-**સંસ્કૃત** **(ધો.૬થી૮) ની પરીક્ષા આપવાની રહેશે.**

**ડી.એલ.એડ.દ્વિતીય વર્ષ (જૂના અભ્યાસક્રમ) પરીક્ષાઃ એપ્રિલ-૧૭**

| ક્રમ | તારીખ | વાર | સમય | કોડ | પેપર નં | વિષય કોડ | ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦-૦૪-૧૭ | સોમ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૧ | ૧ | શાળા સંચાલન અને પ્રવર્તમાન પ્રવાહો | ૧૦૦ |
| ૨ | ૧૧-૦૪-૧૭ | મંગળ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૨ | ૨ | શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન | ૧૦૦ |
| ૩ | ૧૨-૦૪-૧૭ | બુધ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૩ | ૩ | ગુજરાતી (H.L.) # | ૧૦૦ |
| ૪ | ૧૩-૦૪-૧૭ | ગુરુ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૪ | ૪ | ગણિત શિક્ષણ | ૧૦૦ |
| ૫ | ૧૫-૦૪-૧૭ | શની | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૫ | ૫ | સામાજિક વિજ્ઞાન | ૧૦૦ |
| ૬ | ૧૭-૦૪-૧૭ | સોમ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૮ | ૮ | TLM Computer | ૧૦૦ |
| ૭ | ૧૮-૦૪-૧૭ | મંગળ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૯ | ૯ | વિજ્ઞાન અને ટેક્નોલોજી | ૧૦૦ |
| ૮ | ૧૯-૦૪-૧૭ | બુધ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૭ | ૭ | અંગ્રેજી(અંગ્રેજી માધ્યમ સિવાય) | ૧૦૦ |
| | | | | ૧૧ | ૭ | ગુજરાતી (L.L.અંગ્રેજી માધ્યમ માટે) | ૧૦૦ |
| ૯ | ૨૦-૦૪-૧૭ | ગુરુ | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૬ | ૬ | હિંદી (હિંદી માધ્યમ સિવાય) | ૫૦ |
| | | | | ૧૨ | ૬ | ગુજરાતી (L.L.)(હિંદી માધ્યમ માટે ) | ૫૦ |
| ૧૦ | ૨૧-૦૪-૧૭ | શુક્ર | ૧૧:૦૦ થી ૧૪:૦૦ | ૧૦ | ૧૦ | સંસ્કૃત | ૫૦ |

**માધ્યમ મુજબ પરીક્ષાના વિષય કોર્ષનું નામ :-**

| પેપર નં | માધ્યમ | વિષય કોર્ષનું નામ |
|---|---|---|
| ૩ | ગજરાતી | ગુજરાતી(H.L.) |
| ૩ | ઉર્દૂ | ઉર્દૂ (H.L.) |
| ૩ | મરાઠી | મરાઠી (H.L.) |

| પેપર નં | માધ્યમ | વિષય કોર્ષનું નામ |
|---|---|---|
| ૩ | હિન્દી | હિન્દી (H.L.) |
| ૩ | અંગ્રેજી | ગુજરાતી(H.L.) |
| ૩ | સિંધી | સિંધી (H.L) |

હિન્દી માધ્યમ માટે ના પરીક્ષાર્થીઓનું પ્રશ્નપત્ર -૬ ગુજરાતી (L.L.) અને અંગ્રેજી માધ્યમ માટે ના પરીક્ષાર્થીઓનું પ્રશ્નપત્ર -૭ ગુજરાતી (L.L) અલગ-અલગ રહેશે

❖ **અગત્યની સૂચનાઓ ::**

- ઉમેદવાર અથવા સંસ્થાઓ તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.
- અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા કોઇપણ પ્રકારનો સુધારો કરી આપવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.

**સ્થળ: ગાંધીનગર**

**તારીખ:૨૩/૧૨/૨૦૧૬**

**(પી.એ.જલુ)**

**અધ્યક્ષ**

**રાજય પરીક્ષા બોર્ડ**

**ગાંધીનગર**

❖ **નકલ રવાના અમલાર્થે**

(૧) પ્રાચાર્યશ્રી  જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, (તમામ)

આપના તાબા હેઠળની તમામ સરકારી/બિન સરકારી /સ્વનિર્ભર અધ્યાપન મંદિરને જાણ કરવા સારૂ.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

(૩) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૪) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

❖ **નકલ સાદર રવાના જાણ સારૂ.**

(૧)  અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨)  નિયામકશ્રી, જીસીઇઆરટી સેકટર -૧૨, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર